# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૮-૦૪-૨૦૨૨

- **ઓવૈસીની પાર્ટીના અમદાવાદનાં એક કાર્યકર્તા દાનિશ કુરેશીએ શિવલિંગ વિશે અઘટિત ફેસબુક પોસ્ટ કરીને હિન્દુ ભાઈઓની ધાર્મિક લાગણી દુભાવી છે તે ઘટનાને શાંતિ સદ્ભાવનામાં આસ્થા રાખતા નાગરિકો વખોડે છે તમામ ધર્મોની આસ્થાનું આદર અને સન્માન કરવું આપણી જવાબદારી છે.**

આવી પોસ્ટ કરનારા અસામાજિક તત્વો ગુજરાતમાં કોમી એખલાસ અને સૌહાર્દ નું વાતાવરણ બગાડવા માટે આવા બિનજરુરી અને ઉશ્કેરણીજનક કૃત્યો કરતાં હોય છે તેમને હિન્દુ મુસ્લિમ ભાઈઓ તરફથી જાકારો આપવો જરૂરી છે. આ ઘટના પૂર્વઆયોજીત અને સ્પોનસર્ડ ઘટના છે. તાજેતરમાં ઓવૈસી ગુજરાતના પ્રવાસે આવી ગયા પણ તે વારંવાર ગુજરાત આવી શકે તેમ નથી જેથી સ્થાનિક લેવલે એમને એવા કાર્યકર્તાની જરૂર હતી જે ગુજરાતમાં હિન્દુ મુસ્લિમ સમાજ વચ્ચે વિવાદો ઉભા કરી શકે અને કોમી તંગદિલી નું વાતાવરણ ઉભુ કરી શકે.

ગુજરાતમાં ધરણા પ્રદર્શન માટે કોંગ્રેસને મંજુરી મળતી નથી અને પ્રજા માટે ધરણા પ્રદર્શન કરે તો પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવે છે પરંતુ ઓવૈસીની પાર્ટીને ભાજપ સરકાર ધરણા - પ્રદર્શન માટે લાલઝાઝમ બીછાવે છે. ભાજપ અને ઓવૈસીની પાર્ટીનું અઘોષીત ગઠબંધન આનાથી સાબિત થાય છે. ઉત્તર પ્રદેશની પૂરી થયેલી ચૂંટણીમાં ઓવૈસીએ હિંદુ વોટનું ભાજપના લાભમાં ધ્રુવીકરણ કરી આપવા માટે ઉત્તર પ્રદેશના ચુંટણીના પ્રચારની શરુઆત અયોધ્યાથી કરી હતી અને નિવેદન આપ્યું હતું કે મોદી ગુફામાં જશે અને યોગી મઠમાં જશે તો પછી તમને કોણ બચાવશે. બીજી વખત એમણે કહ્યું હતું કે હિજાબ પહેરેલી મુસ્લિમ છોકરી એક દિવસ આ દેશના વડાપ્રધાન તરીકે આવશે. આમ ઓવૈસીએ ભાજપના લાભમાં ઉત્તરપ્રદેશમાં ધ્રુવીકરણનો તખ્તો ગોઠવી આપ્યો હતો પરિણામે ભાજપે વિજય પ્રાપ્ત કર્યો પણ યુપીના મુસ્લિમો એ દૂરંદેશી વાપરીને ઓવૈસીને સંપૂર્ણ જાકારો આપ્યો અને તેમની બધી સીટ પર ડિપોઝિટ ડૂલ કરી દીધી. કેટલીક જગ્યાએ તો ઓવૈશીને NOTA કરતાં પણ ઓછા વોટ મળ્યા.

મંદી, મોંઘવારી, બેરોજગારી, મહિલા અત્યાચાર અને ભારતીય જનતા પાર્ટીના ૨૭ વર્ષના કુશાસનથી ગુજરાતની જનતા હવે ત્રાસી ગઈ છે માટે મુખ્ય મુદ્દાઓને ભુલવાડવા હવે ગુજરાતમાં પણ ભાજપની સરકાર બચાવવા માટે ઓવૈસી આવ્યા છે, એમના કાર્યકર્તાઓ જાહેરમાં હિન્દુઓને ઉશ્કેરવાનો પ્રયત્ન કરે છે પણ ગુજરાતના હિન્દુ મુસ્લિમ ભાઈઓ ભાજપ ઓવૈશીની મેલી મુરાદને પારખી ગયા છે, અને મને આશા છે કે આવનારી ચૂંટણીમાં ગુજરાતની સમજુ પ્રજા આ બંને ફાસીવાદી પાર્ટીને જાકારો આપશે. ગુજરાતનાં લોકો શાંતિપ્રિય સાહસિક અને ધંધો પાણી કરીને પોતાના બળ પર આગળ વધવા માંગે છે, ગુજરાતની પ્રગતિ માટે ઓવૈસી અને ભાજપને જાકારો આપવો જરૂરી છે.

(હેમાંગ રાવલ)
મિડિયા કોર્ડીનેટર